100% ચટાકો
મિડ-ડે

# કપોળ જ્ઞાતિનો કૃષ્ણ શેઠ ઍથ્લેટિક્સ પછી કરાટેમાં પણ બે ગોલ્ડ મેડલ જીત્યો



**વન્ડરફુલ લિટલ વન્ડર :** રવિવારે જીતેલા બે ગોલ્ડ મેડલ અને સર્ટિફિકેટો સાથે કૃષ્ણ શેઠ.

**કાંદિવલીમાં** રહેતા કપોળ જ્ઞાતિના ૮ વર્ષની ઉંમરના કૃષ્ણ શેઠે ગયા મહિને મુંબઈમાં જિલ્લા-સ્તરિય ઍથ્લેટિક્સમાં બે ગોલ્ડ મેડલ જીતી લીધા પછી હવે કરાટેમાં પણ બે સુવર્ણ ચંદ્રક મેળવ્યા છે. અગાઉ કરાટેની ઘણી સ્પર્ધાઓમાં ગોલ્ડ સહિતના મેડલો જીતી ચૂકેલો કૃષ્ણ જન્મથી જોઈ નથી શકતો. જોકે તેણે રવિવારે વસઈ (વેસ્ટ)ની કે. ટી. વાડીમાં ઇન્ટરનૅશનલ શોતોકાન કરાટે ઍકેડેમી દ્વારા આયોજિત સ્ટેટ-લેવલ ઇન્વિટેશનલ કરાટે ચૅમ્પિયનશિપમાં નૉર્મલ સ્પર્ધકો વચ્ચે પહેલાં કાતા ઇવેન્ટમાં અને પછી શેડો સ્પૅરિંગ ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતી લીધો હતો.

કૃષ્ણ ૨૦૧૨ની જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ઍથ્લેટિક્સ તથા કરાટેમાં છ ગોલ્ડ, બે સિલ્વર અને ચાર બ્રૉન્ઝ મેડલ જીત્યો છે.

કૃષ્ણ કાંદિવલી (વેસ્ટ)ની સ્વામી વિવેકાનંદ ઇન્ટરનૅશનલ સ્કૂલમાં પહેલા ધોરણમાં ભણે છે. તે ભણવામાં પણ ઘણો હોશિયાર છે.